\
બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ
મેળવવાના અધિકાર અધિનિયમ-૨૦૦૯,
હેઠળ સ્થાનિક સત્તામંડળ જાહેર કરવા
બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
**ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૧૧૨-જીઓઆઇ-૨૯-ક.**
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫/૦૫/૨૦૧૪

<u>વંચાણે લીધાઃ</u>

(૧) ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલયના તા.૧૪-૨-૨૦૧૨ ના પત્ર ક્રમાંકઃ-એફ-૧-૧૮-૨૦૧૦-ઇઇ-૪

(૨) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાનના તા.૧૫-૫-૨૦૧૨ નો પત્ર ક્રમાંકઃ-એસએસએ-આરટીઇ-૨૦૧૨-૧૯૯૫૯.

(3) **શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-પીઆરઇ-૧૧૧૨-જીઓઆઇ-૨૯-ક.તા.૧-૨-૨૦૧૩**

(૪) ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલયના તા.૨૭-૫-૨૦૧૩ ના પત્ર ક્રમાંકઃ-૧-૫-૨૦૧૩-ઇઇ.૪

(૫) સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાનના તા.૨૪-૭-૨૦૧૩ ના પત્ર ક્રમાંકઃ-એસએસએ-મકમ-૧૩-૩૧૫૨૭.

(૬) ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલયના તા.૨૫-૨-૨૦૧૪ ના અ.સ.પત્ર ક્રમાંકઃ-૨-૪૪-૨૦૧૩-ઇઇ.૪

**આમુખઃ-**

**સંદર્ભ-(૩) માં દર્શાવેલા શિક્ષણ વિભાગના તા.૧/૨/૨૦૧૩ ના ઠરાવથી** બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાના અધિકાર અધિનિયમ-૨૦૦૯, હેઠળ સ્થાનિક સંત્તા મંડળની રચના કરેલ છે. ભારત સરકારના માનવ સંશોધન મંત્રાલયના તા.૨૭/૫/૨૦૧૩ ના પત્રથી આર.ટી.આઇ એકટની કલમ-૯ માં નિદિષ્ટ કરેલ ફરજો બજાવવા માટે રાજય સરકારે એકટની કલમ-૨ (એચ)ના અર્થમાં રહીને સ્થાનિક સત્તા મંડળ(Local Authority), ચોકકસ વિસ્તાર ( Area Specific)માટે હોવું જોઇએ. નહી કે શાળા પ્રમાણે અને ચોકકસ અધિકારીને સ્થાનિક સત્તા મંડળ તરીકે જાહેર કરી શકાય નહી. આ બાબત ધ્યાનમાં રાખી સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગર પાસેથી દરખાસ્ત મોકલી આપવા જણાવેલ જે અન્વયે સંદર્ભ(૫) ના પત્રથી સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગર તરફથી દરખાસ્ત રજુ કરવામાં આવી હતી. જે સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ- આમુખમાં દર્શાવેલ પરત્વે કાળજી પૂર્વકની વિચારણાની અંતે સંદર્ભ-૩ માં દર્શાવેલ શિક્ષણ વિભા તા.૧/૨/૨૦૧૩ ના સમાનાંકી ઠરાવના ફકરા-૪ ના ક્રમ (૫) અને (૬) માં આથી નીચે મુજબ ફેરફાર સુધારા કરવામ આવે છેઃ-

| ક્રમાંક | વિસ્તાર | સ્થાનિક સત્તા મંડળ |
|---|---|---|
| (૫) | કેન્ટોન્ટમેન્ટ એરીયા, અમદાવાદ | કેન્ટોન્ટમેન્ટ બોર્ડ, અમદાવાદ |
| (૬) | ગાંધીનગર શહેરી વિસ્તાર | રાજ્ય સરકાર(જિલ્લા શિક્ષણાધિકારી,કચેરી ગાંધીનગર) |

આ સુધારેલ જોગવાઇઓ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન ગાંધીનગરે તમામ સંબંધીતોના ધ્યાન પર લાવવાની રહેશે અને તેની કાર્યપ્ધ્ધતિ માટે જરૂરી હોય તેવી વહીવટી સુચનાઓ આપી શકશે.

**સંદર્ભ-(૩) માં દર્શાવેલા શિક્ષણ વિભાગના તા.૧/૨/૨૦૧૩** ના ઠરાવના ફકરા-૪ માં દર્શાવેલ સ્થાનિક સત્તા મંડળ હેઠળ ફરિયાદ નિવારણ તંત્ર જાહેર કરવા બાબતે વિભાગના તા.૩૦/૪/૨૦૧૩ ના સમાનાંકી ઠરાવથી કરવામાં આવેલ છે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૦૨-૦૫-૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( નિલેશ ત્રિવેદી )
નાયબ સચિવ(પ્રા.શિ.)
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

} કમિશ્નરશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા